**Class: X**
Gujarati
Sample Question Paper -Answer key-
Term-II

**Code No. 010**

| નોંધ | NOTE |
|---|---|
| ➢ આ પ્રશ્નપત્ર લિખિત સ્વરૂપે ટૂંકા અને લાંબા પ્રશ્નોના આધારીત છે.<br>➢ પ્રશ્નપત્ર કુલ 40 ગુણનું હશે. સમયની ફાળવણી 2 કલાકની હશે.<br>➢ વિદ્યાર્થીઓ પ્રશ્નપત્રમાં આપેલી સૂચનાઓને ધ્યાનથી વાંચવું. | ➢ This question paper is based on written short and long questions.<br>➢ The question paper shall be of total 40 marks. Time provided shall be 2Hrs.<br>➢ Students should read carefully the instructions given in the question paper. |
| ➢ પ્રશ્નપત્રને ત્રણ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.<br>➢ સાહિત્ય વિભાગ- ગદ્ય- પદ્ય તેમજ પૂરકવાચન સાથે... (૧૫ ગુણ)<br>➢ વ્યાકરણ. (૭ ગુણ)<br>➢ લેખન કાર્ય.(૧૮ ગુણ)<br>➢ આપેલી સૂચના પ્રમાણે પ્રશ્નોત્તર લખવાના રહેશે.<br>➢ કુલ ગુણ- ૪૦ | ➢ The question paper is divided into three sections.<br>➢ Literature-including purak vachan prose (15 Marks)<br>➢ Grammar (7 Marks)<br>➢ Writing Skill (18 Marks)<br>➢ Question and answer should be written as per the giver instructions.<br>➢ Total Marks = 40 |
| | |

# ગુજરાતી

## ધોરણ-X (010)

સમય – ૨ કલાક — કુલ ગુણ :૪૦

Time: 2 Hrs. — M.M. :40

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણવિભાજન |
|---|---|---|---|
| | | **(Literature)** | |
| પ્રશ્ન- ૧ | (અ) | નીચેનું પદ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય જવાબ લખો. (<u>કોઈપણ બે</u>)<br><br>૧) નાયિકા દીવાનખાનામાં કઈ કઈ વસ્તુઓ ગોઠવે છે ?<br>જવાબ-૧) નાયિકા દીવાનખાનાની અલગ-અલગ વસ્તુઓ સોફા, લેમ્પ, બારીના પડદા, જૂના ગલીચા | ૨ X ૨ =૨ |

| | | | |
|---|---|---|---|
| | | વગેરે ગોઠવે છે.<br>૨) 'દીવાનખાના'ને અંગ્રેજીમાં શું કહેવાય છે?<br>જવાબ-૨) દીવાનખાનાને અંગ્રેજીમાં Drawing Room કહે છે.<br>3) 'રસ્તો' શબ્દના બે સમાનાર્થી શબ્દ જણાવો.<br>જવાબ-3)'રસ્તો' શબ્દના સમાનાર્થી શબ્દ 'વેટું' અને 'માર્ગ'.<br><br>(વિષયવસ્તુ – ૦.૫,<br>જોડણી, ભાષાશુદ્ધિ- ૦.૫) | |
| **પ્રશ્ન- ૧** | **(બ)** | **નીચેના પ્રશ્નોનાં બે- ત્રણ વાક્યોમાં જવાબ લાખો. (<u>કોઈપણ બે</u>)**<br>જવાબ-૧) બીજાના દુ:ખે દુ:ખી ત્યારે થઈ શકાય, જ્યારે આપણને બીજાના દુ:ખની જાણ થાય. બીજાના દુ:ખની જાણ થતાં જ આપણે તેનાં દુ:ખમાં સહભાગી થવાની પ્રક્રિયા શરૂ કરીએ, એને"તેનાં આંસુ લૂછયાં" એમ આપણે કહી શકીએ અને અન્યના દુ:ખનું દર્દ પણ આપણે અનુભવી શકીએ, એટલે તેવી સ્થિતિ દર્શાવવા કવિએ આ પંક્તિમાં એવા ભાવને દર્શાવ્યો છે- "ને પછી છાતીમાં દુખ્યું હોય,..." આમ, કવિ આ પંક્તિઓ દ્વારા બીજાના દુ:ખની સંવેદના વિશેની વાત સરળતાથી સમજાવે છે.<br><br>(વિષયવસ્તુ – ૧.૫,<br>જોડણી, ભાષાશુદ્ધિ- ૦.૫)<br><br>જવાબ-૨) દાન અલગ- અલગ પ્રકારનાં છે. ધનનું દાન, ચીજવસ્તુનું દાન, વિદ્યાનું દાન, કન્યાદાન વગેરે ઘણાં દાન જાહેરમાં કરવા પડે તેવાં છે, જ્યારે ઘણાં દાન આવે છે, જે વિશે ગુપ્તતા જાળવી શકાય. ગુપ્ત દાનનો મહિમા અધિક છે. દાન કરનાર,દાન કર્યા પછી તેના વિશે કોઈને જાણ નથી કરતો. કરેલા દાનની વાહ વાહ નથી કરતો/કરાવતો. આવા ગુપ્ત દાનનાં ઉદાહરણ તરીકે કાવ્યમાં કવિ જણાવે છે કે, એક હાથે કરેલા દાનની જાણ બીજા હાથને પણ થવી ન જોઈએ. – આટલી બધી ગુપ્તતા જો રાખીએ, તો એવા દાનનો મહિમા વધી જાય છે.<br><br>(વિષયવસ્તુ – ૧.૫,<br>જોડણી, ભાષાશુદ્ધિ- ૦.૫)<br><br>જવાબ-3) વાદળ ઉપર જઈને વરસાદ સ્વરૂપે વેરાઈ જાય છે. વાદળ ટોચ પર પહોંચતા પોતાના અસ્તિત્વનું અભિમાન ના રાખતા ભાર વગરનું થઈ જાય છે. વ્યક્તિ ઉચ્ચ હોદ્દો મેળવે તો તેનામાં ઉચ્ચતાનું | ૧X૨=૪ |

| | | | |
|---|---|---|---|
| | | અભિમાન ન આવવું જોઈએ. પણ તેનામાં નમ્રતા, બીજાના દરકારની ભાવના આવવી જોઈએ. 'ત્યાગીને ભોગવે' એમ એટલે જ કહેવાયું છે.<br><br>(વિષયવસ્તુ – ૧.૫,<br>જોડણી, ભાષાશુદ્ધિ- ૦.૫)<br><br>જવાબ-૪) પંખીને પિંજરનું બારણું ખોલીને કહેવામા આવ્યું કે 'હવે તું મુક્ત છે.' પંખીએ બહાર આવીને માણસ સામે જોયું અને થયું કે માણસે પોતાના સુખ, શોખ ખાતર મને આજ સુધી પિંજરમાં પાછું ભરાઈ જાય છે. મનુષ્યે દરેક પશુ, પક્ષી. પ્રકૃતિને પોતાના સ્વાર્થ માટે ન વાપરવું જોઈએ પણ તેનું રક્ષણ કરવું જોઈએ.<br><br>(વિષયવસ્તુ – ૧.૫,<br>જોડણી, ભાષાશુદ્ધિ- ૦.૫) | |
| પ્રશ્ન-૨ | (અ) | **નીચેનો ગદ્યાર્થ વાંચી તેની નીચેના પ્રશ્નોનાં જવાબ લખો.**<br>**(<u>કોઈપણ ત્રણ</u>)**<br>જવાબ-૧) વ્રત લીધું ને બીજે દિવસે ભાઈને દારુ પીવા જવાની ઈચ્છા થઈ.<br>જવાબ-૨) મનને થયું કે એ બધામાં સાચું બોલીને આગળ આવવું મુશ્કેલ છે પણ ચોરી કરવા ગયા વગર કોઈ છૂટકો જ ન હતો.<br>જવાબ-૩) આ ગદ્યાર્થ સત્યવ્રત કૃતિમાંથી લેવામાં આવ્યો છે તેમજ તેના કર્તા ઉમાશંકર જોશી છે.<br>જવાબ-૪) 'મુશ્કેલ'ના બે સમાનાર્થી : અઘરું, કઠિન<br>(વિષયવસ્તુ – ૦.૫,<br>જોડણી, ભાષાશુદ્ધિ- ૦.૫) | ૩X૧=૩ |
| પ્રશ્ન-૨ | (બ) | **નીચેના પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ લખો. (કોઈપણ બે)**<br>જવાબ-૧) 'સૂરજ તો બધે જ સરખો' પાઠમાં લેખકે આ હળવી શૈલીમાં રજૂ કરેલી વાતો આમ તો પ્રવાસને લગતી વાતો છે; મનુષ્ય એકધારા જીવનથી કંટાળો અનુભવે છે, તેથી વર્ષમાં એકવાર કે બે વર્ષે એકવાર - નાના મોટા પ્રવાસે જાય છે – આ સ્વભાવગત જરૂરિયાત છે. માણસનો સ્વભાવ પણ એક પરિબળ છે! પ્રવાસ નક્કી થાય, તે પછી, હરવા - ફરવાની સગવડ; ખાવા-પીવાની સુવિધા તેમજ રહેવાની સુવિધા – આ તમામ બાબતો માણસ પોતાના સ્વભાવ,સમય અને સાધન મુજબ નક્કી કરે છે. સ્થળની આજુબાજુ મળતી સ્વાદિષ્ટ વાનગી અંગેની ચર્ચા ખાવાના શોખીનો કરતા હોય છે. ક્યાં રબડી સારી મળે છે, ક્યાં દાળવડાં સારા બને છે, ક્યાં સ્વાદિષ્ટ દાળભાત ખાવા મળી શકે છે ? આ બધી | ૨X૩=૬ |

વિગત જાણનારા ‘તાજમહેલની વિશેષતા, તેની કલાકારીગરી ને જોવા-જાણવાની  એટલી તસ્દીનથી લેતા, જે તેમનો આગવો વિચિત્ર સ્વભાવ સ્પષ્ટ કરે છે.

(વિષયવસ્તુ – ૨,
જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

જવાબ-૨) દીપકના પિતા અંગ્રેજ સરકારના અધિકારી છે. તેમનો આઠ વર્ષનો પુત્ર દીપક દેશદાઝના જુસ્સામાં થનગનાટ પામી ચૂક્યો છે. દીપક વાવટાને મકાનની અગાશી પર લહેરાવવા જાય છે અને બાપુ આવી જશે તો ? તેની આ બીક દીપકને ઉતાવળ કરાવે છે ને ઉતાવળમાં તે પટકાઈ પડે છે. માથું વધેરાય છે. દીપક ઘવાય છે ને તાવ ચડે છે. તેથી તેની હાલત ગંભીર થાય છે. અહીં પિતા ને માતાના હૃદયમાં વ્યાકુળ થવાની હોડ જાણે લાગી. મા દોડદોડ કરી મન હળવું કરવા પ્રયાસ કરે, જ્યારે પિતાના મનમાં દીપકની વેદના, દીપકનું શૌર્ય અને સાથે સાથે તેમના વિચારોમાં એક પ્રકારના પરિવર્તનનો પ્રવાહ ચાલુ થવા માંડ્યો.

દીપકની દેશદાઝ, દીપકની સ્વસ્થતા, સાંચફેરી જોવાની તલાવેલી, વાતાવરણમાં રાષ્ટ્ર- ધ્વજના સંભારણા વગેરે વાતો પિતાના મનને હડસેલે છે. દીપકતો તેણે નક્કી કરેલાં સમયે નવ વાગ્યે- અનંતની યાત્રાએ ચાલી નીકળ્યો. દીપક બુઝાઈ ગયો; પરંતુ તેના વિચારોના તેજપૂંજમાં તેના પિતાને ભેળવતો ગયો. પિતાસર અમલ દેરાસરીએ પુત્રના અવસાન પછી, દીપકે આદરેલા આઝાદીના યજ્ઞને અવિરતપણે ચાલુ રાખવા તરફ લીધેલા નિર્ણયની જાણ ટેલિફોન દ્વારા તેમના કર્મચારીને કરી દીધી.આમ દીપકના પિતાની હૃદય પરિવર્તન થાય છે.
(વિષયવસ્તુ – ૨,
જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

જવાબ-૩) દીવમાં પોર્ટુગીઝોએ પોતાનું શાસન સ્થાપ્યું તે અરસામાં ભારતમાં ખ્રિસ્તી ધર્મના પ્રસાર માટે પાદરીઓએ ખૂબ મહેનત કરતા હતા. અજ્ઞાન તેમજ ભોળા ભારતીયોને લાલચ આપીને તેમને ખ્રિસ્તી ધર્મ અપનાવવા તરફ વાળવા. ઘણા કાયદાઓ પણ એવા પ્રકારના કરવામાં આવતા, જેના વડે વટાળપ્રવૃત્તિને ઉત્તેજન મળી રહે. આમાંનો એક કાયદો એવો હતો, કે જેના થકી કોઈ પણ બાળક નિરાધાર હોય, તો તેને માલ - સામાન, ઘર – વખરી તમામ વસ્તુ પાદરીઓ લઈ લેતા.
આ પ્રકારના અમર્યાદ કાયદાઓના સહારે પાદરીઓની સત્તા અને જોહુકમી ઉત્તરોત્તર વધી ગઈ હતી અને લાચાર, અજ્ઞાન ને ભોળી પ્રજા એનો ભોગ બનતી જતી હતી.

| | | | |
|---|---|---|---|
| | | (વિષયવસ્તુ – ૨,<br>જોડણી, ભાષાશુદ્ધિ- ૧)<br><br>જવાબ-૪) ‘ટિફિન’ લઘુકથામાં એક માર્મિક ઘટના આલેખાઈ છે. અમથી માનો પશુ પ્રેમ અને પરોપકારવૃત્તિનું સુંદર આલેખન અહીં કરવામાં આવ્યું છે. અહીં મનુષ્યના સંબંધ સચોટ રીતે પ્રગટ થયા છે.<br>એક વખત જમણવાર પ્રસંગે વાર્તાનાયક અમથી માને ટિફિન આપવા આવે છે. એક દિવસ પૂરતાં તો ધૂમાડાથી બચે, પણ આવીને જોયું તો અમથી મા રોટલા ઘડતાં તો ધુમાડાથી વાર્તાનાયક આજોઈ કહે છે કે તમને ટિફિન આપવા આવવાનો હતો તો તમે આ રોટલાનું વૈતરું કેમ કરો?’ અમથી મા આ  સાંભળી કહે છે કે ‘હું ટિફિન જમી લઈશ પણ આ કાળવી કૂતરી અને ગોરવી ગાય – બે મૂંગા પશુઓના જીવ નિસાસા નાંખે. જો એમને ખાવાનું ન મળે તો?’ ને એમને મૂકીને અમથી મા પોતે પણ જમે નહિ.<br>અમથી માને મન એ કૂતરી ને ગાય નથી પણ ઘરના કુટુંબીજનો છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં જમતાં પહેલાં ગાય, કૂતરું, અગ્નિ ને ઇષ્ટદેવ એમ ચાર કોળિયા જુદા કાઢવામાં આવતાં હતાં.<br>‘ટિફિન’ લઘુકથા દ્વારા આપણી આસપાસ પશુ-પક્ષી હોય તેમને ચણ-ખાવાનું આપવાનું, પાણી પિવડાવવાની વ્યવસ્થા પણ કરવાની વાત આપણને આ લઘુકથા શીખવે છે.<br><br>(વિષયવસ્તુ – ૨,<br>જોડણી, ભાષાશુદ્ધિ-૧) | |
| પ્રશ્ન-૩ | (અ) | **(Applied Grammar)**<br>**નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપીને વાક્યમાં પ્રયોગ કરીને ફરીથી લખો.**<br>૧) માથું વધેરવું – બલિદાન આપવું.<br>વાક્ય – દીપકે વાવટો ફરકાવતા પોતાનું <u>માથું વધેર્યું.</u><br>૨) કાળજાને કોરી ખાવું – દુ:ખની અનુભૂતિ થવી.<br>વાક્ય – દીપકની હાલત જોઈને મેનાબેનનું કાળજું કોરી ખવાયું.<br>૩) ધમણ ઉપડવી – જોરભેર શ્વાસ ચાલવો.<br>વાક્ય- દીપકની ધમણ ઉપડવા લાગી. | ૧X૧ = ૩ |
| પ્રશ્ન–૩ | (બ) | **નીચે આપેલા વાક્યોમાંથી ભાષાકીય અને જોડણીની દૃષ્ટિએ યોગ્ય છે તો તેને યોગ્ય કરીને ફરીથી લખો.**<br>૧) મારું ઘર તારા જેવું છે. - મારું ઘર તારા ઘર જેવું છે. | ૧X૧ = ૪ |

| | | | |
|---|---|---|---|
| | | ૨) ઉપનિષદ એ પ્રાર્થના વિશ્વમા વીખ્યત છે.- ઉપનિષદની એ પ્રાર્થના વિશ્વમાં વિખ્યાત છે.<br>૩) કૂતરા ભસતા હતા. - કૂતરાં ભસતાં રહ્યાં.<br>૪) લગ્નમાં સહકુટુંબ સાથે પધારજો. - લગ્નમાં સહકુટુંબ પધારજો. | |
| પ્રશ્ન-૪ | | **(Effective writing Skill)**<br>**નીચે આપેલા વિષયના મુદ્દા પરથી <u>કોઈપણ એક</u> વિષય પર ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો.**<br>-પ્રસ્તાવના – ૧<br>-વિષયવસ્તુ – ૨<br>-ભાષા અભિવ્યક્તિ – ૧<br>-ભાષા શુદ્ધિ અને વાક્યરચના- ૨<br>-ઉપસંહાર -૧<br>**નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને નિબંધ તપાસવો...**<br>-વિષયની પસંદગી<br>-શરૂઆત : આકર્ષક,સ્વાભાવિક અને સચોટ<br>-કાવ્ય પંક્તિ, સુભાષિતો કે અવતરણો આવકાર્ય છે.<br>-વિષયાંતર નહિ થાય તેની કાળજી રાખવી.<br>-સુંદર,સુવાચ્ય અક્ષર, જોડણીશુદ્ધિ અને ભાષા શૈલી વિશે કાળજી રાખવી. | ૧X૭=૭ |
| પ્રશ્ન-૫ | | **નીચે આપેલા મુદ્દા પરથી બોધ અને શીર્ષક સાથે વાર્તાલેખન લખો.**<br><br>**શીર્ષક-** કલાકારની ભૂલ (ઉચિત અને અર્થપૂર્ણ શીર્ષક સ્વીકાર્ય છે.)<br>**બોધ –** માણસ કેટલો પણ હોશિયાર કે ચતુર હોય પણ દેવતાઓના ચાતુર્ય સામે ભૂલો પડી જાય છે./મોહનની આગળ પડતી હોશિયારી (Or/ અથવા તેનો વધારાનો આત્મવિશ્વાસ તેના પર ભારે પડ્યો.) તેના પર ભારે પડી ગઈ. (વાર્તાને આધારે બોધ આવકાર્ય છે.)<br>- ભાષા શૈલી અને ભાષા શુદ્ધિ -૧<br>- વિષયવસ્તુ અને રસપ્રદ વર્ણન – ૩<br>- શીર્ષક – ૧<br>- બોધ – ૧<br>આપેલા મુદ્દાઓને આધારે પોતાની મૌલિકતાથી વાર્તાનો વિસ્તાર કરવો.<br>- વાર્તા મોટેભાગે ભૂતકાળમાં જ લખવી<br>- વાર્તા મુદ્દાને અનુરૂપ જ લખવી<br>- ભાષા સરળ અને પ્રવાહી, રસપ્રદ લખાણ જરૂરી. | ૧X૬=૬ |

| | | | |
|---|---|---|---|
| | | - મુખ્ય પાત્ર,પ્રસંગ કે ઉદ્દેશ પરથી યોગ્ય શીર્ષક કે બોધ આપીને લખવો. | |
| પ્રશ્ન-૬ | | **નીચે આપેલા વિષય પરથી પત્ર લેખન <u>અથવા</u> તો જાહેરાત લેખન લખો.**<br>૧) 'બેંક ઓફ બરોડા' બેંકમાં બચત ખાતું ખોલાવવા માટેનું ફોર્મ મેળવવા શાખા મેનેજરને અરજી લખો.<br>સરનામું અને તારીખ- ૧<br>સંબોધન અને અભિવાદન – ૧<br>વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ – ૨<br>સમાપન અને લિખિતંગ – ૧<br>નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને પત્ર લખવો.<br>પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (International Method) નવી પદ્ધતિ પ્રમાણે પત્ર લેખન લખવું.<br>પત્રલેખનમાં સ્વાભાવિકતા જરૂરી છે.<br>પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જરૂરી.<br>વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક.<br>કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી છે.<br>૨) "પ્લાસ્ટિક બેગ બંદી" ભારતના આ પ્રોજેક્ટ વિશે સચિત્ર જાહેરાત લેખન લખો.<br>ચિત્રાત્મક રજૂઆત- ૧.૫<br>સૂત્રાત્મક રજૂઆત – ૧<br>સમગ્ર પ્રસ્તુતિકરણ- ૨.૫<br>નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને જાહેરાત તૈયાર કરવી.<br>ચિત્રાત્મક રજૂઆત<br>ગુણવત્તાલક્ષી મુદ્દાઓની સચોટ છણાવટ.<br>ટૂંકી અને આકર્ષક રજૂઆત<br>દમદાર સૂત્ર દ્વારા અસરકારક રજૂઆત. | ૧X૫=૫ |